# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-11-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Saturday** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

*******************************************************

- ભાજપના વડપણ હેઠળનું મહાયુતિ ગઠબંધન મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં ભવ્ય વિજય તરફ આગળ વધી રહ્યું છે. જ્યારે ઝારખંડની વિધાનસભાની ચૂંટણીમાં ઇન્ડિયા ગઠબંધને સત્તા જાળવી રાખી છે.
- લોકસભાની બે અને 13 રાજ્યોની વિધાનસભાની 46 બેઠકોની યોજાયેલી પેટાચૂંટણીમાં ભાજપ સહિતના એનડીએ ગઠબંધને 25 બેઠકો જીતી લીધી છે..
- સંસદના શિયાળુ સત્રનો સોમવાર 25 નવેમ્બરથી આરંભ થશે - કેન્દ્ર સરકારે આવતીકાલે સર્વપક્ષીય બેઠક બોલાવી છે.
- કેન્દ્ર સરકાર સહકારી ચળવળ દ્વારા નાગરિકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવા અને ખેડૂતોના જીવન ધોરણમાં સુધારો કરવા પ્રતિબધ્ધ
- વેપાર અને આર્થિક ભાગીદારી સમજુતી મુક્ત વેપાર સંગઠન સાથે જોડાયેલા યુરોપના દેશોમાં ભારતીય નિકાસમાં વધારો કરવાની ક્ષમતા ધરાવે છે.
- ઓસ્ટ્રેલિયાના પર્થમાં રમાઈ રહેલી પહેલી ક્રિકેટ ટેસ્ટ મેચમાં ભારતે પહેલી ઇનિંગમાં ઓસ્ટ્રેલિયા સામે 46 રનની સરસાઈ મેળવી છે.

******************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# MAHARASHTRA JHARKHAND ASSEMBLY ELECTIONS

ભાજપના વડપણ હેઠળનું મહાયુતિ ગઠબંધન મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં ભવ્ય વિજય તરફ આગળ વધી રહ્યું છે. જ્યારે ઝારખંડની વિધાનસભાની ચૂંટણીમાં ઇન્ડિયા ગઠબંધને સત્તા જાળવી રાખી છે.

મહારાષ્ટ્રમાં કુલ 288 બેઠકો પૈકી ભાજપે અત્યાર સુધીમાં થયેલી મતગણતરી મુજબ 33 બેઠકો જીતી લીધી છે અને ૭૭ બેઠકો ઉપર સરસાઈ મેળવી છે. એકનાથ શિંદેના વડપણ હેઠળની શિવસેનાએ 15 બેઠકો મેળવી છે જ્યારે 40 બેઠકો ઉપર તેના ઉમેદવારો આગળ ચાલી રહ્યા છે. એવી રીતે અજીત પવારના વડપણ હેઠળની એનસીપીએ 18 બેઠકો જીતી છે અને 23 બેઠકો ઉપર સરસાઈ મેળવી છે.

કોંગ્રેસે ચાર બેઠકો મેળવી છે અને બાર બેઠકો ઉપર સરસાઈ ધરાવે છે. એવી જ રીતે શરદ પવાર જૂથની એનસીપીએ ચાર બેઠકો જીતી છે અને છ બેઠકો ઉપર સરસાઈ ધરાવે છે. ઉધ્ધવ ઠાકરેના શિવસેના જૂથે પાંચ બેઠકો મેળવી છે અને 16 ઉપર સરસાઈ મેળવી છે. એવી જ રીતે અન્ય પક્ષોએ ચાર બેઠકો જીતી લીધી છે. ઝારખંડમાં કુલ 81 બેઠકો પર મતગણતરી ચાલી રહી છે. સત્તાધારી JMM પક્ષે 13 બેઠકો જીતી લીધી છે અને 22 બેઠકો ઉપર સરસાઈ ધરાવે છે. કોંગ્રેસે ચાર બેઠકો જીતી લીધી છે અને બાર બેઠકો ઉપર સરસાઈ ધરાવે છે. જ્યારે ભાજપે ચાર બેઠકો જીતી લીધી છે અને 16 બેઠકો ઉપર સરસાઈ ધરાવે છે.

# PM- POLL RESULTS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એનડીએને ઐતિહાસિક ચૂકાદો આપવા બદલ મહારાષ્ટ્રના નાગરિકો, ખાસ કરીને યુવાનો અને મહિલાઓનો આભાર વ્યક્ત કર્યો છે. સોશ્યલ મીડિયા ઉપર મુકેલા સંદેશમાં તેમણે કહ્યું કે, સુશાસન અને વિકાસનો મહારાષ્ટ્રમાં વિજય થયો છે. તેમણે કહ્યું કે, એનડીએ મહારાષ્ટ્રની પ્રગતિ માટે સતત કામગીરી કરતું રહેશે.

તેમણે વિવિધ રાજ્યોમાં યોજાયેલી પેટાચૂંટણીમાં એનડીએના ઉમેદવારોને વિજય બનાવવા માટે સંબંધિત રાજ્યોના નાગિરકોનો આભાર માન્યો છે.

# BYPOLL COUNTING

લોકસભાની બે અને 13 રાજ્યોની વિધાનસભાની 46 બેઠકોની યોજાયેલી ચૂંટણીમાં ભાજપના વડપણ હેઠળની એનડીએ ગઠબંધને 25 બેઠકો જીતી લીધી છે.

કોંગ્રેસે સાત, તૃણમુલ કોંગ્રેસે છ, આપે ત્રણ, જ્યારે સમાજવાદી પક્ષે બે બેઠકો ઉપર વિજય મેળવ્યો છે.  કોંગ્રેસના પ્રિયંકા ગાંધી વાડ્રાએ કેરળની વાયનાડ સંસદીય બેઠક ઉપર વિજય મેળવ્યો છે. તેમણે સીપીઆઈના ઉમેદવાર સથ્યેન મોકેરીને ચાર લાખથી વધુ મતોથી પરાજ્ય આપ્યો છે.

એવી જ રીતે મહારાષ્ટ્રની લોકસભાની નાંદેડ બેઠકની પેટાચૂંટણીમાં ભાજપના સંતુક રાવ હંમ્બર્ડે એ તેમના નજીકના હરીફ કોંગ્રેસના રવીન્દ્ર ચવ્હાણને ત્રણ લાખથી વધુ મતોથી પરાજ્ય આપ્યો છે.

રાજસ્થાનમાં વિધાનસભાની સાત બેઠકોની પેટાચૂંટણીમાં સત્તાધારી ભાજપે પાંચ જ્યારે ભારત આદિવાસી પક્ષ અને કોંગ્રેસે એક-એક બેઠક મેળવી છે

બંગાળમાં તૃણમુલ કોંગ્રેસે વિધાનસભાની છ બેઠકોની પેટાચૂંટણીમાં બધી જ બેઠકો ઉપર વિજય મેળવ્યો છે.

આસામમાં એનડીએ ગઠબંધને તમામ પાંચ વિધાનસભા બેઠકો જીતી લીધી છે. ભાજપે ત્રણ, જ્યારે આસામ ગણપરિષદ અને યુનાઇટેડ પિપલ્સ પાર્ટીએ એક-એક બેઠક જીતી લીધી છે.

બિહારમાં સત્તાધારીએ એનડીએએ તમામ ચાર બેઠકો જીતી લીધી છે.

પંજાબમાં ચારમાંથી ત્રણ બેઠકો આપ પક્ષે જ્યારે એક બેઠક કોંગ્રેસે મેળવી છે. ચંદીગઢમાં ભાજપે રાયપુર દક્ષિણ વિધાનસભા બેઠક જ્યારે કર્ણાટકમાં કોંગ્રેસે તમામ ત્રણ બેઠકો પર વિજય મેળવ્યો છે. જ્યારે કેરળમાં કોંગ્રેસ અને સીપીઆઈએમએ એક-એક મેળવી છે.

ઉત્તરાખંડની કેદારનાથ વિધાનસભાની બેઠક પર ભાજપના ઉમેદવાર વિજયી થયા છે.

ગુજરાતમાં વાવ વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં ભાજપના ઉમેદવાર સ્વરૂપજી ઠાકોરનો બે હજાર 442 મતથી વિજય થયો છે. સ્વરૂપજી ઠાકોરને 92 હજાર 176 અને કોંગ્રેસના ગુલાબસિંહ રાજપૂતને 89 હજાર 734 મત મળ્યા હતા.

ઉત્તરપ્રદેશમાં એનડીએ નવમાંથી સાત બેઠકો જીતી લીધી છે જેમાં ભાજપે છ બેઠકો મેળવી છે. અને તેના સાથી પક્ષ આરએલડીએ એક બેઠક જ્યારે સમાજવાદી પક્ષે બે બેઠકો જીતી લીધી છે.

મધ્યપ્રદેશમાં કોંગ્રેસે વિજયપુર બેઠક મેળવી છે અને સત્તાધારી બુધની બેઠક ઉપર સરસાઈ ધરાવે છે. જ્યારે સિક્કીમમાં સત્તાધારી SKM પક્ષે બે બેઠકો જીતી લીધી છે.

# ALL PARTY MEETING

સંસદના શિયાળુ સત્રનો સોમવાર 25 નવેમ્બરથી આરંભ થશે. આ સત્રમાં કામગીરી સરળતાથી થઈ શકે હેતુથી ચર્ચા કરવા કેન્દ્ર સરકારે આવતીકાલે સર્વપક્ષીય બેઠક બોલાવી છે. કેન્દ્રીય સંરક્ષણમંત્રી રાજનાથસિંહના અધ્યક્ષપદે આવતીકાલે સર્વપક્ષીય બેઠક યોજાશે.

ઉલ્લેખનીય છે કે, 25 નવેમ્બરથી શરૂ થનાર શિયાળુ સત્ર આગામી 20મી ડિસેમ્બર સુધી યોજાશે. જોકે 26મી નવેમ્બરે બંધારણ દિવસ હોવાથી સંસદની બેઠક યોજાશે નહીં.

# AMIT SHAH NCDC

કેન્દ્ર સરકાર સહકારી ચળવળની મદદથી નાગરિકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવા અને ખેડૂતોના જીવન ધોરણમાં સુધારો કરવા પ્રતિબધ્ધ છે. કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે આજે દિલ્હીમાં રાષ્ટ્રીય સહકાર વિકાસ નિગમની સામાન્ય પરિષદની બેઠકમાં આ મુજબ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, કેન્દ્રની એનડીએ સરકાર સહકારના માધ્યમથી દેશને આત્મનિર્ભર બનાવવા કામ કરી રહી છે અને આ ક્ષેત્રે રાષ્ટ્રીય સહકાર વિકાસ નિગમ મહત્વની ભૂમિકા ભજવી શકે છે.

તેમણે કહ્યું કે, રાષ્ટ્રીય સહકાર વિકાસ નિગમે અત્યાર સુધીમાં 60 હજાર કરોડ રૂપિયાના વિતરણ દ્વારા સહકારી ક્ષેત્ર અને ગ્રામીણ અર્થતંત્રને નવું બળ પૂરું પાડ્યું છે. તેમણે ખાંડ મિલોને આર્થિક ક્ષમતા વધારવા પાંચ વર્ષની સર્વગ્રાહી યોજના ઘડવાની દરખાસ્ત રજૂ કરી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# TEPA - INDIA EUROPE

વેપાર અને આર્થિક ભાગીદારી સમજુતી - TEPA મુક્ત વેપાર સંગઠન સાથે જોડાયેલા યુરોપના દેશોમાં ભારતીય નિકાસ 99.6 ટકા સુધી વધે તેવી ક્ષમતા ધરાવે છે. એ આપ જાણો છો કે ભારત અને યુરોપિયન મુક્ત વેપાર સંગઠન વચ્ચે માર્ચ 2024માં થયેલી સમજુતી મુજબ આ હેતુથી 100 અબજ ડોલરનું મૂડીરોકાણ વધારવામાં આવશે. વાણિજ્ય વિભાગના સચિવ સુનિલ બર્થવાલે નોર્વેની મુલાકાત બાદ આ મુજબ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે, યુરોપિયન મુક્ત વેપાર સંગઠને ભારતમાંથી થતી આયાત ઉપર કરવેરામાં 92 ટકા સુધી રાહત આપવાનો નિર્ણય લીધો છે. ભારતે સ્વિત્ઝરલેન્ડ, આઈસલેન્ડ, નોર્વે અને લિસ્ટેસ્ટીન સાથે TEPA સમજુતી સાધી છે.

# AUSTRALIA VS INDIA, 1ST TEST AT PERTH

ઓસ્ટ્રેલિયાના પર્થમાં રમાઈ રહેલી પહેલી ક્રિકેટ ટેસ્ટ મેચમાં ભારતે પહેલી ઇનિંગમાં ઓસ્ટ્રેલિયાને 104 રને ઓલઆઉટ કરીને 46 રનની સરસાઈ મેળવી છે. આજે બીજા દિવસની રમત બંધ રહી ત્યારે ભારતે બીજી ઇનિંગમાં વિના વિકેટે 172 રન નોંધાવ્યા છે. આ સાથે ભારતની કુલ સરસાઈ 218 રનની થઈ છે.

ઓસ્ટ્રેલિયાએ મિચેલ સ્ટાર્કના 26 અને એલેક્સ કેરીના 21 રનની મદદથી પહેલી ઇનિંગમાં 104 રન નોંધાવ્યા હતા. ભારત તરફથી જસપ્રિત બુમરાહે પાંચ, હર્ષિત રાણાએ 3 અને મોહમ્મદ સિરાજે બે વિકેટો ઝડપી છે. આજે બીજા દિવસની રમત બંધ રહી ત્યારે ભારતે યશસ્વી જયસ્વાલના 90 અને કે.એલ. રાહુલના 62 રનની મદદથી  વિના વિકેટે 172 રન નોંધાવ્યા છે.

# CM CHINTAN SHIBIR

ગુજરાત સરકારે ટેકનોલોજીના વ્યાપક ઉપયોગથી વહીવટી સુધારણા અને જનહિતકારી યોજનાઓના અમલમાં વધુ ગતિ લાવવા AI ટાસ્ક ફોર્સ- કૃત્રિમ બુધ્ધિમત્તા આધારિત કાર્યદળની રચના કરવાનો નિર્ણય લીધો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે તીર્થધામ સોમનાથ ખાતે યોજાયેલી ચિંતન શિબિરના સમાપન સત્રને સંબોધતા આ મુજબ જણાવ્યું હતું.. તેમણે ચિંતન શિબિરના કાયમી લોગોનું ડિજિટલ અનાવરણ પણ કર્યું હતું. તેમણે સરકારના અધિકારીઓને જન ફરિયાદ નિવારણના ક્ષેત્રમાં AIનો ઉપયોગ સઘન બનાવવા અનુરોધ કર્યો હતો.

પ્રસાર ભારતીના અધ્યક્ષ નવનીત સેહગલે કહ્યું છે કે, સરકારની જનકલ્યાણકારી યોજનાઓ જન જન સુધી પહોંચાડવામાં મીડિયાની ભૂમિકા ખૂબ જ અગત્યની છે...સોમનાથમાં ચિંતન શિબિરના અંતિમ દિવસે નવનીત સેહગલે સહભાગીઓને મીડિયાની કાર્યશૈલીઅંગે ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું.

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગ્યે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન AIR મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે.

આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યાલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ મન કી બાત કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

# RIJIJU-HAJ CONFERENCE

કેન્દ્ર સરકારે હજ યાત્રાએ જનાર ભાવિકોને વધુ સારી સુવિધા અને માહિતી આપવા હજ સુવિધા એપ શરૂ કરી છે. લઘુમત્તી બાબતોના કેન્દ્રીય મંત્રી કિરણ રિજીજ્જુએ આ એપનો આજે દિલ્હીમાં યોજાયેલી વિવિધ રાજ્યોના હજ સમિતિઓના અધ્યક્ષોની બેઠકોમાં શુભારંભ કરાવ્યો હતો.

તેમણે કહ્યું કે, કેન્દ્ર સરકાર હજ યાત્રાએ જનાર ભાવિકોને વધુ સારી સુવિધાઓ આપવા માટે પ્રતિબધ્ધ છે. ઉલ્લેખનીય છે કે, ગયા વર્ષે સાડા ચાર હજારથી વધુ મુસ્લિમ મહિલાઓ મેહરામ વિના હજ યાત્રાએ જઈ શકી હતી.